## હા... સાહેબ !

"ઓ હો હો..! આજે તો યોગ, યોગ ને યોગ..!"

"હા... સાહેબ...હા..! દસેય દિશાઓમાં યોગ, ખૂણે-ખૂણે યોગ.... રાષ્ટ્રીય - આંતરરાટ્રીય ક્ષેત્રે યોગ..! વટ છે ને ભારતનો..!?!"

"સો ટકા..! યોગ ભારતીય સંસ્કૃતિનો જ ભાગ છે. આપણા ઋષિ-મુનિઓ તપ અને જપ કરતાં એ પરંપરા કાળક્રમે યોગમાં પરિણમી..! અને શારિરીક-માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે યોગ અનિવાર્ય બનતો જાય છે..!"

"એટલે જ કહીએ છીએ... અમારા સાહેબે યોગને વિશ્વકક્ષાએ મુક્યો..! અને દુનિયાએ વાત એમની અપનાવી એનુ ગૌરવ હોવું જોઈએ આપણને..! ભારતીય સંસ્કૃતિનો એક ભાગ વિશ્વ અપનાવી રહ્યું છે..!"

"વાહ..! સરસ છે તારણ અને સાચુ પણ છે..! પણ મારી વાત એ છે... યોગને માત્ર પ્રચારનું માધ્યમ ન બનાવવું જોઈએ..! યોગ એ દેખાડા કે દંભનુ માધ્યમ નથી..! યોગ એ જીવનના સંસ્કાર છે... જીવનની પરંપરા છે..!"

"સાહેબ તમારી પાણીમાંથી પોરા કાઢવાની ટેવ ક્યારે જશે..! ગમે તેવી ને ગમે તેટલી સારી વસ્તુ હોય.... જો એનું માર્કેટીંગ નહીં થાય તો બજારમાં ચાલશે નહિ..! માર્કેટીંગનો જમાનો છે માર્કેટીંગનો."

"હા...હા...હા... હવે તો તમે આપણી વૈદિક પરંપરાનું પણ માર્કેટીંગ કરશો... સુવિચારોનું માર્કેટીંગ કરશો..! મંદિરોનું માર્કેટીંગ કરશો... આપણી સાંસ્કૃતિક પરંપરાનું માર્કેટીંગ કરશો... એમ જ ને..?!"

"હં...અ..! એક વાત કહી દઉં..?! સમય આવે એટલે એ પણ કરીશુ..! અને કરવું જ જોઈએ..! સારા વિચારોને, સારી વાતને, સારી પરંપરાને વહેંચવી જોઈએ..! સૌને લાભ પહોંચાડવો જોઈએ... તો જ વિશ્વના કલ્યાણના ધ્યેય સુધી પહોંચી શકાય..!'.

"અહીં જ ખાટલે ખોડ છે..! વેચવાનું ને વહેંચવાનું... લાભ અને ફાયદો... બન્ને આભાસી રીતે એક છે... છતાંય તાત્વિક રીતે દૂર છે... એમ વહેંચવાનો વિચાર ખુબજ ઉમદા છે પણ વેચવાની વાતમાં બદબુ આવે છે..!"

"તમે છો ને..! બંધ બેસતી પાઘડી ગમે ત્યારે પહેરી લો છો... અને ગમે તેને પહેરાવી દો છો..! આપણે વાત યોગની કરતા'તા અને તમે માર્કેટીંગ પર પહોંચી ગયા..! વિષયાંતર ના કરો.... મુળ વાત કરો ને..!"

"હા... ચાલો... મૂળ વાત કરીએ..! યોગ આવકારદાયક છે...ખુબ જ આવકારદાયક છે..! પરંતુ કોઈને મદદરૂપ થવા સહયોગ કરવો એ મોટો યોગ છે..! હકારાત્મક અને પૂરક વિચારો કરવા એ પણ એટલો જ મોટો યોગ છે..! અને હું તો એમ કહું કે... કોઈને નડવું નહી એ પણ મોટો યોગ છે..!"

"ઓ હો હો..! પાછા ફિલોસોફી ઉપર..!"

"અરે ભાઈ ફિલોસોફીની વાત નથી... હજારો લાખો નાગરિકો એવા છે જેમને યોગ કરવાનો સમય કે સાનુકૂળતા નથી તેમના માટેના વિકલ્પો છે... અને હા..! યોગ કરતાં હોય પણ સહયોગ ના કરતાં હોય તો યોગ નિરર્થક છે..!"

● અનુસંધાન પાન-૭ પર



શહેર યોગમય - પાટનગર ગાંધીનગરના ખૂણે ખૂણે યોગના કાર્યક્રમો યોજાયા હતા... સવારે, બપોરે અને સાંજે પણ યોજાયા... રાજનેતાઓ જોડાયા, વિદ્યાર્થીઓ જોડાયા, સમાજના આગેવાનો જોડાયા.... વ્યાપારીઓ પણ જોડાયા... અને શહેરના પાદરે ફેશન ડિઝાઈનીંગમાં અભ્યાસ કરતી યુવતીઓ પણ ઉત્સાહપૂર્વક જોડાઈ... કોઈપણ પ્રકારની વ્યવસ્થા, સગવડ કે આયોજન વિના ઈન્સ્ટીટ્યુશન સામેની લોનમાં યુવતીઓ સ્વયં ઉત્સાહથી જોડાઈ...

# શહેરની શાળાઓમાં આજથી પ્રવેશોત્સવ

**૧૨૬૦૭ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે : મુખ્યમંત્રી વિજય રૂપાણી સવારે ૯ કલાકે સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલયની આર જી કન્યા અને શેઠ સી એમ વિદ્યાલયમાં પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરી વિસ્તારની શાળાઓમાં આજથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થશે. સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આર જી કન્યા શાળા અને શેઠ સી એમ વિદ્યાલયમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી સવારે ૯ કલાકે પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવશે. મુખ્યમંત્રી આ શાળાના ૩૫૦ બાળાઓને પ્રવેશ અપાશે. શહેરની ૩૩ શાળાઓમાં પ્રવેશોત્સવ અંતર્ગત ધો-૧ માં ૮૬૫ અને ધો- ૯માં ૪૮૬૨ કુમાર કન્યાઓને પ્રવેશ આપવામાં આવશે. ગાંધીનગર શહેર ઉપરાંત ચારેય તાલુકાના નગરપાલિકા વિસ્તારની શાળોમાં પણ પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. કુલ ૭૭ શાળાઓમાં ૧૨ હજાર ૬૦૭ કુમાર કન્યાઓને પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં પ્રવેશ અપાશે.ધોરણ -૧ માં પણ ૧૯૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. ડ્રોપ આઉટ રેશિયાને ડામવા માટે માધ્યમિક વિભાગમાં પણ પ્રવેશોત્સવ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

સમગ્ર રાજયમાં ૨૨ જુનથી કન્યા કેળવણી મહોત્સવ તેમજ શાળા પ્રવેશોત્સવની ઉજવણીનો પ્રારંભ થશે. અગાઉ ગ્રામ્ય વિસ્તારના શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધોરણ -૧ માં ૪.૬૮ લાખ અને ધોરણ -૯ માં ૩.૭૨ લાખ તેમજ આંગણવાડીમાં ૨.૨૧ લાખ વિદ્યાર્થીઓના નામાંકન કરવામાં આવ્યા હતા. જયારે હવે શહેરી વિસ્તારમાં પ્રવેશોત્સવ અંતર્ગત રાજયની ૧૨૭૭ પ્રાથમિક અને ૧૫૫૦ માધ્યમિક શાળાઓમાં કુમાર કન્યાને પ્રવેશ આપવામાં આવશે. ગાંધીનગરમાં પણ મુખ્યમંત્રી વિજય રૂપાણી સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આર જી કન્યા શાળા તેમજ શેઠ સી એમ વિદ્યાલયમાં બાળકોને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવશે. જયારે ૧૪૯ કિસ્સામાં વિદ્યાલક્ષ્મી બોન્ડનુ પણ વિતરણ કરવામાં આવશે. પ્રવેશોત્સવ દરમિયાન શાળા છોડી ગયેલા ૬

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાથમિકમાં ડ્રોપઆઉટ વધુ છતાં પ્રવેશોત્સવમાં માધ્યમિકને અગ્રતા

**શહેરના પ્રા. શિ. માં ડ્રોપઆઉટ રેટ ૫.૭૬ ટકા તો માધ્યમિકમાં ૩.૩૧ ટકા : ૨૪ રૂટ, એક રૂટમાં પ્રવેશપાત્ર ૫૨૫ બાળકોને આવરી લેવાયા : ભાષા-ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ઘટ હોવા ઉપરાંત તંત્ર ઈન્ચાર્જથી ચાલે છે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં ડ્રોપઆઉટ રેસિયો પ્રાથમિક શિક્ષણમાં વધુ છે જ્યારે ફોક્સ માધ્યમિક શિક્ષણ પર પ્રવેશોત્સવ દરમ્યાન કરવામાં આવતાં શહેર સહિત જિલ્લાના શિક્ષણપ્રેમીઓમાં ચિંતાની લાગણી પ્રસરી જવા સાથે નિરાશા ઉભી થવા પામી છે. અહિ શહેરનું પ્રા. શિ. તંત્ર ઈન્ચાર્જથી ચાલે છે.

શહેરમાં પ્રાથમિક શિક્ષણનો ડ્રોપઆઉટ રેસિયો ૫.૭૬ ટકા છે જ્યારે માધ્યમિક શિક્ષણમાં ડ્રોપઆઉટ રેસિયો ૩.૩૧ ટકા ગત વર્ષે જ જણાયો છે.

શાળા પ્રવેશોત્સવના લક્ષ્યાંકોમાં જ પ્રાથમિક શિક્ષણ પર ભાર મુકી અને નાના બાળકોના નામાંકન માટેનું અભિયાન છે.

શિક્ષણ જગત સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં ૩૩ લોકલ બોડીની શાળા છે જેમાંથી ૩૨ શાળાઓમાં ધો. ૮ સુધીના અભ્યાસની સુવિધા છે જ્યારે એક શાળામાં માત્ર ધો. ૧ થી ૫ના વર્ગો ચાલે છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કે રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં શિક્ષકોની ઘટ સમજી શકાય એમ છે પણ પાટનગરમાં ય શિક્ષકોની ઘટ છે અને તે પણ બે આંકડામાં છે. ધો. ૬ થી ૮માં ભાષાના ૪૮ શિક્ષકો છે તો ગણિતના ૩૦ અને સામાજિક વિજ્ઞાનના માત્ર નવ શિક્ષકો છે.

શિક્ષણપ્રેમીઓ પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં ૧૪૬ શૈક્ષણિક સંકુલો છે. જેમાં ૧૯ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ, બે કેન્દ્રીય વિદ્યાલયો, ૩૩ લોકલ બોડીની શાળાઓ, ૮૫ ખાનગી શાળાઓ જે ગ્રાન્ટ મેળવતી નથી બે સમાજકલ્યાણ વિભાગની અને ૫ અનુ. જનજાતિના સંકુલો છે.

શહેરમાં શિક્ષકોની ઘટ, પ્રાથમિક શિક્ષણમાં સૌથી વધુ

● અનુસંધાન પાન-૭ પર

# સારા ચોમાસા માટે હજુ રાહ જોવી પડશે

ગાંધીનગર, તા. ૨૧

આ વર્ષે સારા વરસાદ માટે હજુ ગુજરાતે રાહ જોવી પડશે. છેલ્લા દસ દિવસથી કાગડોળે જેની રાહ જોવાઈ રહી છે એવા મેઘરાજાની મોડા આવવાની આગાહીથી સૌ ભારે ચિંતામાં છે. જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે ગાંધીનગર સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં જણાવ્યુ હતુ કે ગાંધીનગર અને ગુજરાતમાં જુલાઈના પ્રથમ સપ્તાહમાં વિધિવત રીતે ચોમાસુ જાણશે. જોકે જૂનના અંતિમ દિવસે છુટો છવાયો વરસાદ પડશે.

**જુલાઈના પ્રારંભે વિધિવત ચોમાસાના આરંભની આગાહી કરતા અંબારામ પટેલ**

આ વખતે ચોમાસુ વરસાદ ખેંચાયો છે ત્યારે ખેડૂત ભાઈઓમાં ચિંતા થાય તે સ્વાભાવિક છે પરંતુ આ વખતે કોરમના વાદળો મોડા આવવામાં હતા એટલે હવામાં ભેજનુ પ્રમાણ ધીરે ધીરે વધે છે અને ૨૯ મે થી મહિને સવા મહિને હવામાં ભેજ વરસાદને પોષક બને છે. વળી આ વખતે હવા, પાણી, પશુ, પંખી, પદાર્થ, સુર્ય, ચંદ્ર વગેરેના દાર્શનીક ફેરફાર ભેજસૂચક નથી એટલે વરસાદ મોડો આવશે. પણ વરસાદ સારો થશે. ભૌગોલિક બાબતો તથા અન્ય આધારે જોતા જૂન તા. ૨૪, ૨૫, ૨૬માં દક્ષિણ મહારાષ્ટ્ર, મુંબઈના ભાગોમાં ચોમાસુ સક્રિય થાય. આ અરસામાં સૌરાષ્ટ્રમાં હવામાનમાં પલ્ટો આવે. તા. ૨૮મી જૂનથી ગુજરાતના કિનારાના ભાગોમાં ચોમાસાની ગતિવિધિ જણાતા ૨૯થી જુલાઈની શરૂઆતમાં ગુજરાતમાં નિયમિત ચોમાસુ આવે. દક્ષિણ પૂર્વિય ભાગોમાં વરસાદ થાય જેમાં આંધ્રપ્રદેશ, બંગાળ, વિદર્ભ, મહારાષ્ટ્રમાં વરસાદ થાય. તા. ૪થી જુલાઈથી દેશના દક્ષિણ પૂર્વિય ભાગોમાં વરસાદની ગતિવિધિ વધે, મોડે મોડે પણ સારો વરસાદ થશે.

# જિલ્લામાં પ્રવેશોત્સવ દરમિયાન ૧૪૯ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે

ગાંધીનગર, તા. ૨૧

શહેરી વિસ્તારમાં આજથી આરંભાઈ રહેલ દ્વિ દિવસીય શાળા-પ્રવેશોત્સવ દરમ્યાન ૧૪૯ બાળાઓ જે બી.પી.એલ. પરિવારમાંથી નામાંકન માટે આવી રહી છે તેમને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

આ શાળાઓમાં દહેગામની ૪૫, ગાંધીનગર અર્બનની ૨૨, કલોલની ૬૩, માણસાની ૭ અને ગાંધીનગર શહેરની ૧૨નો સમાવેશ થાય છે. દોઢ કલાક સુધી એક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ ચાલશે. આ વખતે શાળામાં પ્રવેશોત્સવના કાર્યક્રમ દરમ્યાન દેશભક્તિના ગીતનું ગાન કરાવવા માટે પણ તંત્ર દ્વારા શાળાઓને સૂચના આપવામાં આવી છે.

આ પ્રવેશોત્સવના કાર્યક્રમમાં મુખ્યમંત્રી રૂપાણી ઉપરાંત રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ મહાવીરસિંહ ડાગુર, અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમાર, સુજીત ગુલાટી, મનોજ અગ્રવાલ સહિતના અધિકારીઓ જોડાઈ રહ્યા છે.

### પ્રવેશોત્સવ માટે શાળાદીઠ રૂ. ૫૦૦ની જ ગ્રાન્ટ !!

શાળા પ્રવેશોત્સવની ઉજવણી માટે શાળા દીઠ રૂ. ૫૦૦ની જ સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. જ્યારે પ્રવેશોત્સવનો અન્ય ખર્ચ જે તે ગામ કે શાળા ઉઠાવે છે.

શાળા પ્રવેશોત્સવમાં સરકારે આ વખતે ધો. ૯ના પ્રવેશને વધુ મહત્વ આપ્યુ છે અને મા. શાળાઓ દસ દિવસથી ચાલુ થઈ ગઈ છે. એથી પ્રવેશોત્સવ એક ઔપચારિકતા પર્વ બની રહ્યાની વાતો શિક્ષણપ્રેમી વાલીઓમાં ઉઠી છે.

# શહેરમાં ગરમીનો પારો એક ડિગ્રી નીચે ઉતર્યો

**મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી : દિવસ દરમિયાન ઉકળાટ યથાવત નગરજનો બફારાથી ત્રસ્ત**

ગાંધીનગર તા ૨૧

શહેરમાં ગરમીનો મિજાજ ઉગ્ર બનતા નગરજનો ગરમીથી આકુળવ્યાકુળ છે. વરસાદી વાદળોની લુપાછુપી વચ્ચે મેઘરાજા હજુ મહેરબાન થયા નથી જયારે ગરમી પણ એકાએક વધતા શહેરીજનો બફારથી ત્રાહીમામ પોકારી ગયા છે. ગઈકાલે ગરમીનો પારો ૪૨ ડી ગ્રીને પાર થઈ ગયા બાદ આજે મહત્તમ તાપમાન એક ડી ગ્રી ઘટયુ હતુ.જેના લીધે ગરમીમાં અંશત : રાહત અનુભવી હતી. પરંતુ દિવસ દરમિયાન ઉકળાટના લીધે નગરજનોએ બેચેની અનુભવી હતી.

શહેરમાં આકરી ગરમી વચ્ચે વારંવાર મોસમનો મિજાજ બદલાય છે. ગત દિવસોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો જોવા મળ્યો હતો. જયારે વરસાદી ઝાપટાના લીધે હવે ચોમાસાની શરૂઆત થઈ ગઈ હોવાનુ પણ નગરજનોએ માની લીધુ હતુ . પરંતુ આ વરસાદી ઝાપટુ પ્રિ મોનસુન એકટીવીટી સમાન હોય તેમ ત્યારબાદ વરસાદી વાદળો પણ હટી ગયા હતા. બીજીતરફ આકરી ગરમીએ નગરજનોને બેબાકળા કરી દીધા છે.ગઈકાલે પણ ગરમીનો પારો ૪૧.૬ ડી ગ્રીએ પહોંચી જતા દિવસની ગરમી અસહ્ય બની હતી. જયારે આક્રમક ગરમીના લીધે વરસાદની આશ વચ્ચે શહેરીજનોએ હીટવેવ સહન કરવાનો વારો આવ્યો હતો. મહત્તમ તાપમાનમાં વધારો થતા દિવસ દરમિયાન નગરજનોએ ચામડીને દાહ આપતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જો કે આકરી ગરમીના અંતે આજે મહત્તમ તાપમાનમાં એક ડી ગ્રીનો ઘટાડો થતા નગરજનોએ આકરા તાપમાં પ્રમાણમાં રાહત અનુભવી હતી. પરંતુ દિવસ દરમિયાન ઉકળાટનુ પ્રમાણ યથાવત રહયુ હતુ.

# વરસાદ ખેંચાતા અને વાવેતરમાં રોગચાળો દેખાતાં ખેડૂતોમાં નિરાશા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુને લઈ ખેડૂત બેવડી ચિંતાથી ઘેરાયો છે. એક તરફ વરસાદ ખેંચાયો છે તો બીજી તરફ આગોતરૂ આવેવતર સમયસરના સોમાસાની સંભાવનાઓને પગલે કર્યુ છે તેવા મગફળી અને કપાસના પાકમાં રોગચાળાનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મગફળીના પાકમાં ધૈણ નામની જીવાતનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. આ ધૈણ નામની ઈયળ મગફળીને મોટુ નુકશાન પહોંચાડતી હોય છે. જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા આ સામે ખેડૂતોને દવા છંટકાવ સહિત વિવિધ જરૂરી પગલાં લેવા માટે જણાવાયુ છે. આવો જ બીજો પાક કપાસમાં પણ કયાંક કયાંક રોગચાળો જોવા મળ્યો હોવાના અહેવાલો છે. તંત્ર દ્વારા આ સામે પણ પગલાં લેવા માટે ખેડૂતોને સલાહ આપતી માર્ગદર્શિકા સૂચનાઓ જારી કરવામાં આવી છે.

**મગફળી-કપાસમાં દેખાયેલા રોગચાળાને લઈ તંત્રએ અટકાયતી પગલાંઓ લેવા ખેડૂતોને વાકેફ કર્યા**

આમ આગોતરૂ વાવેતર પણ આ વખતે ખેડૂતો માટે ચિંતાનું કારણ બની ઉભરી રહી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦ હજાર હેકટરથી પણ વધુ વિસ્તારમાં વાવણીની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. ખરીફ ઋતુ દરમ્યાન ૧,૬૦,૦૦૦ હજાર હેક્ટરમાં વાવેતર થતુ હોય છે. જે વાવેતર થયુ છે તેમાં ૭ હજાર હેક્ટરમાં મગફળી અને ૧૦ હજાર હેક્ટર વિસ્તારમાં મગફળીના પાકનું વાવેતર થયુ છે.

બીજી તરફ વરસાદ હજુ પણ એકાદ સપ્તાહ લંબાય તેવી શક્યતાના સંકેતો ખગોળવિદો અને હવામાન ખાતા તરફથી મળી રહ્યા છે. આમ આ વખતે ખરીફ ઋતુનો આરંભ ખેડૂતોની બેવડી ચિંતાનું કારણ બન્યો છે.

# પંચાયતના નવા પ્રમુખ-ઉપપ્રમુખ સોમવારે તેમનો કાર્યભાર સંભાળશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા ચૂંટાયેલા મહિલા પ્રમુખ મંગુબેન પટેલ (ચૌધરી) અને ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ સોમવારે સવારે ૧૧ વાગે તેમનો કાર્યભાર સંભાળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી ગઈકાલે જ સામાન્ય સભામાં કરવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સોમવારે સવારે ૧૧ વાગે બન્ને હોદ્દેદારો એક સાથે તેમના સમર્થકો, શુભેચ્છકો, પક્ષના કાર્યકરો, આગેવાનો, પંચાયતના સભ્યો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં પ્રવેશ કરશે.

આ માટે ખાસ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

આ બન્ને હોદ્દેદારો સોમવારે વિધિવત્ ચાર્જ સંભાળી લીધા બાદ સાંજે પંચાયતના અધિકારીઓ સાથે પણ મીટીંગ યોજી અને પરિચય કેળવી તેમની કામગીરીની વિગતો જાણી કામગીરીનો આરંભ કરશે.

જિલ્લા પંચાયતમાં મહિલા પ્રમુખ બની રહ્યા હોવાથી વ્યવસ્થાની જવાબદારી પણ મહિલા કોંગ્રેસને સોંપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
ઉજવે છે
'વિશ્વ સંગીત દિવસ' નિમિત્તે બે દિવસનો સ્વરાભિષેક ઉત્સવ
A ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના સહયોગથી ગુજરાતી ચલચિત્રોના લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ
પાંદડું લીલું ને રંગ રાતો
તારીખ : ૨૧/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર
B 'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે જાણીતા વક્તા શ્રી જય વસાવડાની પસંદગીના ગીતોનો કાર્યક્રમ
પ્યાર ઝિંદગી હૈ....
પ્રવક્તા-પરિકલ્પના જય વસાવડા
તારીખ : ૨૨/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર
નીરજ પાઠક, સન્ની શાહ, નયના શર્મા, પંકજ પાઠક
સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૫૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂા.૮૫૦/- (વાર્ષિક)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com